ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૦/૧૮-૧૯/ 65 તારીખ : 4 JAN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી બોઘાભાઈ કાળુભાઈ વાળા,
મુ.પો. પાવઠી, તા. તળાજા,
જી.ભાવનગર.
**મો.નં.૯૭૨૭૧ ૯૦૮૯૦.**

કેસ નં.૧૩૦/૧૮-૧૯

**વિષય : ખેતીવાડી કનેકશનના જમ્પર આપી ચાલુ કરવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૩/૧૦/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૦/૧૮-૧૯/૫૦૧૪ તા.૩૦/૧૦/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૦/૧૮-૧૯/૫૨૩૩ તા.૧૭/૧૧/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૦/૧૮-૧૯/૫૪૦૨ તા.૦૧/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૭/૧૧/૧૮ તેમજ તા.૧૩/૧૨/૧૮ ના રોજ રૂબરૂ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, તળાજા-૧.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૩૦/૧૮–૧૯**

વાદી :– શ્રી બોઘાભાઈ કાળુભાઈ વાળા

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૨૭.૧૧.૨૦૧૮ તેમજ ૧૩.૧૨.૨૦૧૮**

હાજર રહયા :– શ્રી બોઘાભાઈ કાળુભાઈ વાળા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી બોઘાભાઈ** કાળુભાઈ વાળા, મુ.પાવઠી, તા.તળાજા, જી.ભાવનગરની ખેતીવાડી કનેકશનના જમ્પર આપી ચાલુ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૦/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૩૦/૧૮–૧૯/૫૦૧૪ તા.૩૦.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ. પરંતુ પ્રતિવાદી દવારા પ્રત્યુતર આપવાનો બાકી હોવાથી, પ્રતિવાદી દવારા મુદત માંગેલ હતી. જેથી ત્યારબાદ બીજી મુદત તા.૧૩/૧૨/૧૮ ના રોજની આપેલ, જેમાં વાદી શ્રી બોઘાભાઈ કાળુભાઈ વાળા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો પીજીવીસીએલ તળાજા–૧ ના ગ્રાહક છીએ. અમોનો ગ્રાહક નં.૩૭૫૧૩/૦૫૨૨૬/૩ છે. સદર ખેતીવાડી વીજ કનેકશન સને–૨૦૦૮ થી ચાલુ છે તેમજ દરેકના વીજબીલ આજદીન સુધી નિયમીત રીતે ભરપાઈ કરીએ છીએ તેમજ ડીસેમબર ૨૦૧૭ તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ એડવાન્સ રૂા.૩૨૦૦/– પહોંચ નં.૫૦૩૪૯૧ થી ભરપાઈ કરેલ છે, જે બીલ તેમજ ઉ... બીલ તથા તમામ પત્ર વ્યવહાર આ સાથે રજુ છે.

P.G.V.C.L.
...agar.

૧.૨ સદર કનેકશન વાળી જમીન ખુબ જ મોટી છે જેમાં એક બોર તેમજ કુવો આવેલ છે.

૧.૩ સદર કનેકશન ૨૦૦૮ થી માંગણી સતત હોય ૨૦૧૩ સુધી અરજી પેન્ડીગ રાખવામાં આવેલ, જે ગેરકાયદેસર છે અને ૨૦૧૪ ના નિયમો લગાડેલ છે પણ "RETROSPECTIVE" સિધ્ધાંતનો બાદ નડે છે.

૧.૪ પરંતુ હાલ રેગ્યુલર બીલ ભરપાઈ થયેલ હોવાથી વીજલાઈન, ટી.સી., થાંભલા ઉભા છે તેમજ વાયરીગ પણ કરવામાં આવેલ છે પરંતુ સદર કચેરી દવારા જમ્પર નહી બાંધવાથી પાવર અટકાવેલ છે.

૧.૫ જેથી તાત્કાલીક જમ્પર બાંધી પાવર ચાલુ કરવા હુકમ–આદેશ કરવા વિનંતી સહ નમ્ર રજુઆત છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી શ્રી બોઘાભાઈ કાળુભાઈ નામે ગ્રાહક નં.૩૭૫૧૩/૦૫૨૩૪/૪ લોડ–૫ હો.પા.નું સર્વે નંબર ૫૬ પૈકી ૨ માં જે તારીખ ૧૭/૦૩/૧૯૯૩ ના રોજ રીલીઝ થયેલ હતું તથા ગ્રાહક નં.૩૭૫૧૩/૦૫૨૨૬/૩ લોડ–૭.૫ હો.પા.નું સર્વે નંબર ૧૯૧ પૈકી ૩ મા તા.૧૬/૦૪/૧૯૯૨ માં રીલીઝ થયેલ હતું. આમ બન્ને એ–૧ કેટેગરીના ખેતીવાડી કનેકશન ધરાવે છે.

૨.૨ ફરીયાદ હેઠળના વીજ કનેકશનની ફાઈલ તપાસતા શ્રી બોઘાભાઈ કાળુભાઈ વાળા દવારા તા.૧૦/૧૦/૨૦૧૩ ના રોજ રૂા.૨૦૦/– ભરીને આ ખેતીવાડી વીજજોડાણને સર્વે નં.૧૯૧ પૈકી ૩ માંથી સર્વે નંબર ૫૬ પૈકી ૨ માં સ્થળ ફેરફાર શ્રી બી. એમ. કવાડ, નાયબ ઈજનેર માટે અરજી કરેલ. જેના અનુસંધાને પીજીવીસીએલના અધિકારી દવારા જરૂરી સ્થળ તપાસ કરી, તા.૦૪/૦૩/૨૦૧૪ ના રોજ મીટર મુકવા સંમતિ શ્રી બોઘાભાઈ કાળુભાઈ પાસેથી લેવાની રિમાર્કસ સાથે પરવાનગી આપવામાં આવેલ.

૨.૩ સ્થળ ફેરફાર માટે વાદીને પત્ર નં. ટીએલજે/એસ.ડી./એસ્ટા/૨૭૮૭ તા.૧૧/૦૪/૨૦૧૪ ના રોજ અંદાજપત્ર (મીટર મુકવાની સંમતી આપ્યા બાદ જ અંદાજપત્ર સ્વીકારવામાં આવશે) આપવામાં આવ્યું. જેના અનુસંધાને તા.૧૬/૦૪/૨૦૧૪ ના રોજ વાદી દવારા મીટર મુકવાની સંમતિ આપવામાં આવેલ છે, જે આ સાથે સામેલ છે.

૨.૪ સ્થળ ફેરફાર કરવા માટે આપવામાં આવેલ અંદાજપત્રના આધારે ગ્રાહક દવારા તા.૧૬/૦૪/૨૦૧૪ ના રોજ રસીદ નંબર YD૨૬૯૬૭૪ થી YD૨૬૯૬૭૬ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે, જે આ સાથે સામેલ છે.

૨.૫ ત્યારબાદ જરૂરી દસ્તાવેજી પુરાવાનો અભ્યાસ કરતાં ગ્રાહક દવારા જરૂરી ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરવામાં આવેલ નથી. આ ટેસ્ટ રીપોર્ટ ભરેલ નથી તે અંગે ગ્રાહકની એસ.આર. માંથી ઈ–ઉર્જા માંથી નીકળેલ પ્રિન્ટઆઉટ આ સાથે સામેલ છે જેના પરથી પણ સ્પષ્ટ થાય છે કે ગ્રાહક દવારા ટેસ્ટ રીપોર્ટ ભરેલ નથી.

૨.૬ આમ, ગ્રાહક દવારા ટેસ્ટ રીપોર્ટ ભરેલ નથી અને સ્થળ પર મીટર પણ મુકવામાં આવેલ નથી તે બાબત પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રાહક દવારા પોતાની જાતે જ ખેતીવાડી વીજજોડાણનો જોળો ફેરવવામાં આવેલ છે. પીજીવીસીએલ દવારા તો કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ જ નથી. આમ ગ્રાહક દવારા પોતાની રીતે વીજજોડાણને સ્થળ ફેરફાર કરીને કંપનીને ગેરમાર્ગે દોરેલ છે.

૨.૭ નીગમીત કચેરી, પીજીવીસીએલ, રાજકોટના સરકયુલર નં.પીજીવીસીએલ/ટેક/૨૩૭૬ તા.૨૮/૦૯/૨૦૧૨ મુજબ એક જ સર્વે નંબરમાં ૨ (બે) ખેતીવાડી કનેકશન આપી શકાય નહી.

૨.૮ સને ૨૦૧૪ માં ઉપરોકત પરીપત્ર અમલમાં હોય એક જ સર્વે નંબરમાં બે (૨) વીજજોડાણ આપી ન શકાય. જેથી ઉપરોકત વીજજોડાણ માટે સ્થળ ફેરફાર માટેની કાર્યવાહી કરનાર જે તે જવાબદાર અધિકારીની સામે અત્રેની કચેરી દવારા શિસ્તભંગના પગલા લેવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જે આ સાથે સામેલ છે.

૨.૯ નીગમીત કચેરી, પીજીવીસીએલ, રાજકોટના સરકયુલર નં.પીજીવીસીએલ/ટેક/૨૩૭૬ તા.૨૮/૦૯/૨૦૧૨ મુજબ એક જ સર્વે નંબરમાં ૮ એકર કરતાં વધુ જમીન ના હોય તો ૨ (બે) ખેતીવાડી કનેકશન આપી શકાય નહી. જેના આધારે ગ્રાહક ઈચ્છે તો તેમના દવારા સ્થળ ફેરફાર કરવામાં આવેલ વીજજોડાણ મૂળ જગ્યાએ ફેરફાર કરાવી શકે છે અથવા તો કંપનીના નિયમ મુજબ સ્થળફેર કરેલ વીજજોડાણ રદ કરવામાં આવી શકે છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી બોઘાભાઈ કાળુભાઈ ગામ–પાવઠીમાં ગ્રા.નં.૩૭૫૧૩/૦૫૨૨૬/૩ થી ૭.૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ સર્વે નં.૧૯૧/૩ માં એ–૧ કેટેગરીનું ધરાવે છે, જે વીજજોડાણ તા.૧૬/૦૪/૧૯૯૨ ના રોજ પ્રતિવાદી દવારા ચાલુ કરવામાં આવેલ.

૩.૨ વાદીએ તા.૧૦/૧૦/૨૦૧૩ ના રોજ તેઓનું હયાત ખેતીવાડી વીજજોડાણને સર્વે નં.૧૯૧/૩ માંથી સર્વે નં.૫૬/૨ માં સ્થળફેર કરવા માટે અરજી કરી, જરૂરી ચાર્જ પ્રતિવાદીની કચેરીમાં ભરી, નોંધણી કરાવેલ તેમજ વાદીએ સ્થળફેર વીજજોડાણમાં મીટર મુકવાની સહમતી આપેલ.

૩.૩ પ્રતિવાદી દવારા સ્થળફેર જોડાણમાં મીટર મુકવાની શરતે વાદીને તા.૧૧/૦૪/૧૪ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ, જે વાદીએ તા.૧૬/૦૪/૧૪ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૪ સ્થળફેર કરવા માટે વાદીએ પ્રતિવાદીની કચેરીમાં જરૂરી ટેસ્ટ રીપોર્ટ આપેલ નહી અને ટેસ્ટ રીપોર્ટનો ચાર્જ ભરેલ નહી, તેથી પ્રતિવાદી દવારા વાદીનાં વીજજોડાણમાં સ્થળફેર કરી વીજજોડાણ ચાલુ કરેલ નહી.

૩.૫ વાદીએ હયાત વીજજોડાણને સર્વે નં.૫૬/૨ માં ફેરવવા માટે અરજી કરેલ. અરજી સિવાય તે જ સર્વે નંબર ૫૬/૨ માં હાલ વાદીના નામનું બોઘાભાઈ કાળુભાઈના નામનું બીજુ ખેતીવાડી વીજજોડાણ હયાત છે, જે પ્રતિવાદીને HVDS સ્કીમમાં કામ દરમ્યાન માલુમ પડેલ અને તેથી વાદીનાં સર્વે નં.૫૬/૨ માં મુકેલ ટ્રાન્સફોર્મરના જમ્પર આપી કામ પુર્ણ કરેલ નહી.

૩.૬ પ્રતિવાદીએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડનો તા.૨૫/૧૦/૧૬ નો એક સર્વે નંબરમાં બે ખેતી વિષયક વીજજોડાણ આપવા અંગેનો પરીપત્ર રજુ કરેલ છે. આ પરીપત્રમાં ગુજરાત સરકારશ્રીના ઉર્જા વિભાગનાં પરીપત્રનો સંદર્ભ ટાંકી ને જણાવેલ છે કે એક સર્વે નંબરમાં બે ખેતી વિષયક વીજજોડાણ આપવા

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

માટે અરજદારની જગ્યા ૮ એકરથી વધારે હોવી જરૂરી છે તેમજ અરજી નોંધણી તા.૧૮/૧૦/૧૬ પછીની હોવી જરૂરી છે.

૩.૭ **વાદીએ ફોરમ સમક્ષ** જણાવેલ છે તેમજ પ્રતિવાદીએ રજુ કરેલ રેવન્યુ રેકર્ડ મુજબ વાદી અરજદાર બોઘાભાઈ **કાળુભાઈના** નામે સર્વે નં.૫૬/૨ ની જગ્યા ૨ હેકટર/ ૮૬ આર.એ./ ૩૨ ચો.મી. થાય છે, જે ૮ એકર થતી **નથી. આમ** વાદીએ સ્થળફેર માંગેલ વીજજોડાણની જગ્યા સર્વે નં.૫૬/૨ ૮ એકરથી ઓછી થાય છે તેમજ **વાદીની સ્થળફેર** માટેની અરજી નોંધણી જી.યુ.વી.એન.એલ. ના પરીપત્રમાં જણાવેલ તા.૧૮/૧૦/૧૬ **પહેલાની છે**, જેથી વાદીનું વીજજોડાણ સર્વે નં.૫૬/૨ માં સ્થળફેર થઈ શકે નહી.

૩.૮ પ્રતિવાદીનાં સબંધિત અધિકારીએ જે તે સમયના નિયમનું પાલન કર્યા વગર વાદીને સ્થળફેર માટેનું અંદાજપત્ર પાઠવી આપેલ તેથી પ્રતિવાદીનાં સબંધિત અધિકારી સામે ખાતાકીય પગલા ભરવા તેમજ વાદીએ ભરેલ અંદાજપત્રના નાણા વાદીને પરત કરવા.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૩.૧૨.૨૦૧૮**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.